શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૧
અંક : ૧

## વસંતઋતુની ચર્ચા

ફાગણ અને ચૈત્ર આ વસંતઋતુ છે. તે સાહિત્ય અને કવીઓની દ્રષ્ટિએ બધી ઋતુઓમાં વસંતઋતુ શ્રેષ્ઠ ગણાય છે. વસંતઋતુમાં શારીરિક બલ હોય છે. જઠરાગ્નિ મંદ રહે છે.

હેમંતઋતુમાં મિષ્ટાનપાનના સેવનથી સંચિત થયેલ કફ, સૂર્યની તીવ્ર ગરમી દ્વારા પ્રકુપિત થઈને મંદાગ્નિને વધુ મંદ બનાવી દે છે. આથી આ ઋતુમાં દોષોના શોધન માટે વમન વિરેચન વગેરે પંચકર્મ કરવાં જોઈએ.

**આહાર** : જૂનાં ધાન્યો, જૂના જવ, જૂના ઘઉં, કોદરા, જવ અને મગનું મોટે ભાગે ભોજન, જુવારની ધાણી, સેકેલા ચણા, ઉષ્ણ ભોજન લેવું. જૂનુ મધ લેવું.મધ એ કફને હરનાર છે. તીક્ષ્ણ અદ્રજ પ્રવાહી લેવું નહિ. જંગલી પ્રાણીઓના માંસ અને માંસરસો લેવાં. કડવા રસવાળા કટુપટોલ, લીમડો, રીંગણા, મેથીના શાક ખાવા. ગરમ કરીને ઠંડું પાડેલું પાણી નહિ, ગરમ જ પાણી પીવું. મધપીણા પીવાં.

**વિહાર** : કુસ્તી, મલખંભ, દંડબેઠક જેવો વ્યાયામ કરવો તથા ખૂબ ચાલવું. વન ઉપવનોમાં વિહાર, દિવસે દક્ષિણ દિશામાંથી પાણી ઉપર થઈને આવતો શીત પવન સેવવો. તીક્ષ્ણ ધુમ્રપાન (સિગારેટ વગેરે નહિ) કરવું નહિ, તીક્ષ્ણ નસ્યો, શિરોવિરેચન વગેરેથી કફને જીતવો. નિરૂહ બસ્તિઓ (વનસ્પતિઓનો કવાથ કરી તે પાણી આંતરડામાં એનિમા દ્વારા ચઢાવવું) લેવી. અનુવાસન બસ્તિ ન લેવી, કારણ કે કફકર છે.

**ત્યજવા યોગ્ય** : ભારે, ન પચે એવાં ભોજન, શીત ભોજન (શિખંડ, આઈસ્ક્રિમ, ઠંડા પીણા વગેરે) સ્નિગ્ધ ભોજન (શીરો, લાડુ, પુરણપોરી જેવાં), દ્રવભોજન (બહુ પ્રવાહી) ન લેવા. મધુર રસ અને અમ્લ રસ બન્ને કફકર હોવાથી આ રસો ન લેવાં જોઈએ. ખૂબ તીખાં, કડવા રસો વગેરે લેવાં ન જોઈએ.

આ ઋતુમાં દહીં, મીઠું, દુધ, માખણ, તેલ, અડદ, ખાંડ, બરફના ગોળા, શરબત, આઈસ્ક્રિમ ત્યજવા હિતાવહ છે. ખજૂર પણ આ ઋતુમાં ન ખાવું. ગ્રીષ્મ ઋતુ (ઉનાળા)માં આ બધાં ચાલે, વસંતમાં નહિ, પીવામાં ગરમાગરમ પાણી જ લેવું. કેળાં, મોસંબી જેવા ફળો ન ખાવાં.

***સાભાર : લાંબુ જીવવું તમારા હાથમાં***

**_ભૂલ કરવી સહેલી છે, પણ ભૂલ સ્વીકારવી મુશ્કેલ છે._**

**મસાલા પાકની ખેતી કરી અઢળક ઉત્પાદન મેળવતા ખેડૂત**

ફરતા ડુંગરોની વચ્ચે આવેલ બૌદ્ધ ભિક્ષુની જયાં ગુફાઓ છે તેવું ગીરગઢડા તાલુકાનું વાકિયા ગામ ડુંગરના હિશાબે 'શાણાવાકિયા' નામથી ઓળખાય છે. આ ગામમાં પ્રગતિશીલ ખેડૂત શ્રી અરવિદભાઈ ખુંટ તેના પરિવાર સાથે રહે છે. નવા સંશોધનો અને નવી ટેકનોલોજી અપનાવીને અરવિંદભાઈ જુદા જુદા પાકોની ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવે છે. આ ઉપરાંત ફકત ઉત્પાદન જ નહિ પણ હળદરનું મૂલ્યર્વન પણ કરેલ છે.અરવિંદભાઈ કહે છે કે હું કપાસ અને મગફળીનું વાવેતર કરતો હતો. પરંતુ તેમનું ઉત્પાદન નહીવત થતું હતું. જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી સંચાલિત અમારા ટીંબી એરિયામાં ખેતીના કાર્યક્રમની શરૂઆત થઈ. જેમાં અમને કપાસ, મગફળી અને અન્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ કઈ રીતે કરી શકીએ તેમની માહિતી તાલીમો દ્વારા શીખવાડવામાં આવી. આ ઉપરાંત તેમના દ્વારા મહુવાના આસરાણાની બાજુમાં સંઘવી ફાર્મની મુલાકાત અને જુ.કૃ.યુ જુનાગઢમાં પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. મને નવા પાકની ખેતી કરવાનો અને વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવવાનો શોખ હતો તેથી હું ધીરજ રાખી શકયો નહિ. અને વૈજ્ઞાનિકો દ્વારા જણાવ્યા મુજબ નવા પાક તરીકે હળદર વાવવાનું વિચાર્યુ. પણ હળદરનું વાવેતરમાટે ડ્રીપની જરૂર હતી તે મારી પાસે ન હતી. તો શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર (ટીંબી) ઓફિસની મુલાકાત લીધી અને સંસ્થાના કાર્યકરોના માર્ગદર્શન અનુસાર ટપક સિચાઈ પદ્ધતિથી પાણીના કાર્યક્ષમ ઉપયોગની સાથે સોઈલ હેલ્થ અને ક્ષાર નિયંત્રણની બાબતો ઘ્યાનમાં આવી. થયું કે હું તો ટપક અપનાવીશ પણ ગામના તમામ ખેડૂતો ટપક પદ્ધતિ અપનાવે તે માટે હું પ્રયત્ન કરીશ. હળદરના પીલાનો ઉછેર કરી વાવેતર કરવામાં આવ્યું જેમાં વીઘે ૧૫ મણ હળદરના ગાંઠિયાની જરૂર પડી હતી. અને ઓર્ગેનિક હળદર કરી જેમાં ફકત ગોમૂત્ર અને ગાયના છાણનો ઉપયોગ કર્યો અને વીઘે અંદાજીત ૨૦૦ મણ જેવું ઉત્પાદન મળ્યું તો બજારભાવને જોતા હળદર ૨૦–૨૫ રૂપિયા કિલો વેચાણ થતું તો હાલની પરિસ્થિતિને અનુરૂપ તે ભાવ યોગ્ય ન કહેવાય તેથી હળદરનો પાવડર કરવાનું વિચાર્યુ અને તેમની પ્રકિયા જાણી. જેમાં હળદરને બાફી અને સુકવીને તેનો પાવડર બનાવ્યો તથા તેમને ૧ કિલોગ્રામની કોથળીમાં પેકિંગ કર્યુ તેમનો અંદાજીત ખર્ચ ૨૦ રૂપિયા થયો. ૧૦૦ મણ હળદરનો પાવડર બનાવ્યો હતો. કિસાન ટરમરિક નામથી હળદરનું વેચાણ ચાલું કયું અને ૧૮૦ રૂપિયા કિલોનો ભાવ રાખવામાં આવ્યો. બાકી રહેલી ૯૦૦ મણ લીલી હળદર યાર્ડમાં વેચી દેવામાં આવી જેમનો ભાવ અંદાજીત ૨૦ રૂપિયા કિલોએ આવ્યો. હળદરના પાકમાં ૨૦ હજાર જેટલો ખર્ચ આવ્યો હતો, જેમાં વીઘે ૧૦ હજાર બિયારણ ખર્ચ બાદ કરતા ૪૫૦૦૦૦ નો નફો થયો હતો. બીજી વાત કરું તો હાલમાં વાતાવરણ ઘ્યાનમાં લઈએ તો કપાસ કે અન્ય પાકમાં રાસાયણિક દવાના વધારે પડતા ઉપયોગના કારણે વાતાવરણને ગંભીર અસર પડે છે. જેના કારણે ઓઝોન વાયુનું સ્તર ધીમે ધીમે તૂટી રહયું છે, તો આવું ના થાય તે માટે જો ખેડૂતો રાસાયણિક દવાઓનો ઓછો ઉપયોગ કરે તેવું અથવા તો પાક સરક્ષણની નીતિ અપનાવે જે પાકમાં રાસાયણિક દવાઓનો ઓછો ઉપયોગ થાય અને ઉત્પાદન પણ પ્રમાણસર મળી રહે તેવા પાકનું વાવેતર કરવું જોઈએ. ધીમે ધીમે ઓર્ગેનિક ખેતી કરતા થાય અને દરેક પાકનું વાવેતર કરીને મૂલ્યવર્ધન કરતા થાય તેવું હું ખેડૂતને જણાવવા માંગું છું તેવું શ્રી અરવિંદભાઈએ કહયું હતું.

**સંકલન : પંકજ સરવૈયા**


**શીખીને તો કારીગર થવાય, કલાકાર તો કુદરતની કૃપા હોય તો થવાય.**

## માટીનો નમુનો લેવાની રીત :

આપણે જાણીએ છીએ કે બધાજ ખેતરો એક સરખા સમતલ હોતા નથી. એક કરખી ફળદ્રુપતાવાળા હોતા નથી એટલે પૃથ્થકરણ માટેનો નમૂનો યોગ્ય રીતે લેવાય તે ઘણું જ અગત્યનુ છે. માટીનો નમુનો લેવાની રીતનું રાસાયણીક પૃથ્થકરણ કરતાં જરા પણ ઓછુ મહત્વ નથી કારણ કે સંપુર્ણ ખેતરની જમીન સબંધી સલાહ આપવામાં આવે છે તે નમુનાના પૃથ્થકરણના આધારે અપાય છે. આથી જમીનમાંથી લેવામાં આવેલ નમૂનો જેતે ખેતરનું સાચુ પ્રતિનિધિત્વ ધરાવતો હોવો જોઈએ.

પ્રથમ ખેતરનો વિસ્તાર, જમીનનું બંધારણ, રંગ, અગાઉ લીધેલાં પાકો તથા ઉપયોગ કરેલ ખાતરો ધ્યાને લઈ ખેતરને સમાનતાનાં ધોરણે અલગ અલગ ખંડમાં વિભાજીત કરવા. દરેક ખંડમાથી આકૃતિ પ્રમાણે તથા નીચે જણાવ્યા પ્રમાણે એક નમૂના તૈયાર કરવો.

માટીનો નમુનો લેવા માટે માટીને દુર કર્યા સિવાય ઉપરથી ઘાસ, કચરૂં વગેરે સાફ કરવું અને કોદાળી કે ખુરપી વડે 'વી' આકારનો ૧૫ થી ૨૦ સે.મી. ઉંડો ખાડો કરવો. ખાડાની એક સરખી જાડાઈની માટી એકઠી કરવી. આમ ૮ થી ૧૦ સ્થળેથી નમૂનો લઈ બધી માટીને ભેગી કરી સારી રીતે મિશ્રણ કરવું ત્યારબાદ માટીને એક સરખી પાથરી ચાર સરખા ભાગ પાડવા. તેમાંથી સામ સામેનાં બે ભાગની માટી એકત્ર કરી ઉપર મુજબ માટી એક કિલોગ્રામ રહે ત્યાં સુધી પુનરાવર્તન કરવું. આ રીતે તૈયાર કરેલ માટીનો નમૂનો કાપડ કે પોલીથીલીનની મજબૂત કોથળીમાં ભરી પૃથ્થકરણ માટે મોકલવા તૈયાર કરવો. આ રીતે દરેક ખંડ માટે અલગ અલગ નમૂના તૈયાર કરવા.



જુદી જુદી જગ્યાએથી મિશ્ર નમૂનો લેવાની રીત




જમીનનો નમુનો લેવાની પધ્ધતિ

**માણસ ખરાબ બને છે, જ્યારે તેના સારા પણાનો ફાયદો ઉઠાવામાં આવે છે.**

## લીડ ફાર્મર્સ વર્કશોપ

સંસ્થા દ્વારા જાફરાબાદ, ઉના અને ગીર ગઢડા તાલુકાના ૫૦ ગામોમાં 'ઉતમ કપાસ પહેલ' કાર્યક્રમ ચાલી રહયો છે. જેમાંની પાક પદ્ધતિમાં આંતર રાષ્ટ્રીય માપદંડો અપનાવી ખેડુતો ઉચ્ચ ગુણવતા વાળા કપાસનું ઉત્પાદન કરે તથા ખર્ચમાં ઘટાડો થાય તેવી પ્રવૃતિ થઈ રહી છે. જેમાં કોટનકનેકટ, કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્સન, ડાયરેકટર એડ પ્રોજેકટ અને નાબાર્ડનો સહયોગ પ્રાપ્ત થઈ રહયો છે.

કાર્યક્રમના ભાગરૂપે દરેક ગામોમાં ખેડુતોના જુથો બનાવવામાં આવ્યા છે. અને જુથ પ્રવૃતિ દ્વારા જળ, જમીન અને પર્યાવરણ જાળવણી ખેતીમાં વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ બાળમજુરી, મહિલાજાગૃતિ વગેરે મુદ્દા પર જુદા જુદા કાર્યક્રમો થાય છે. તો વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃતિઓના લેખાજોખા તપાસવા તથા ભાવી આયોજન માટે લીડફાર્મર્સ વર્કશોપનું આયોજન તારીખ : ૧૧–૦૧–૨૦૧૯ શુક્રવારના રોજ પટેલ વાડી, ટીબી મુકામે સવારે ૯ થી ૧ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૨૫૦ ખેડુત ભાઈઓ, બહેનો તથા ટીમના સભ્યો હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટય અને મહેમાનોના સ્વાગતથી થઈ. છેલ્લા પાંચ વર્ષથી ઉના, જાફરાબાદ અને ગીર ગઢડા વિસ્તારમાં સંસ્થા દ્વારા થઈ રહેલી પ્રવૃતિઓની રજુઆત ટીબી પીયુ મેનેજર શ્રી અશોકભાઈ શેલાર તથા ઘોકડવા પીયુ મેનેજર શ્રી ભરતભાઈ શીંગડ દ્વારા કરવામાં આવી. જેમાં સંસ્થા અત્યારે ૧૨૦૦૦ ખેડુતો સાથે ઉતમ ગુણવતા વાળા કપાસ પકવવાની સાથે જળ સંગ્રહ અને જળ જાળવણીની કામગીરી કરી રહી છે. આ ઉપરાંત ખેતીમાં નવા પ્રયોગો ખેડુતો પાસે કરાવી રહી છે.



**મારી ભુલો મને કહો બીજાને નહિં સુધરવાની જરૂર મારે છે, બીજાને નહિં,**

પ્રોજેકટ વિસ્તારમાંથી આવેલા ખેડુતો અને એલજી લીડરોના મંતવ્યોની રજુઆત કરવામાં આવી. જેમાં 'ઉતમ કપાસ પહેલ' કાર્યક્રમ દ્વારા ખેડુત પ્રતિનિધિ હરેશભાઈ વરૂ જણાવ્યું કે સંસ્થા છેલ્લા સાત વર્ષથી અમારા વિસ્તારમાં નવી ટેકનોલોજી ખેડુતો અપનાવે તેવા પ્રયાસો હાથ ધર્યા છે. અને અમારા મુંઝવતા પ્રશ્નો ઉપર માર્ગદર્શન આપવાનું કામ કરી રહી છે. જેના ભાગ રૂપે ૮૦ વિઘામાં ટપક પદ્ધતિ અપનાવી છે. પોપટભાઈ વઘાસીયા (પાતાપુર) એ પાણી અને જમીન ચકાસણીની સમજ ઉભી થઈ છે તેવું જણાવ્યું. કાકીડીમોલીથી નાથાભાઈ રાણપરીયાએ વિવિધ અંતરે અપાયેલા નિદર્શનોમાં સૌથી સારી કઈ વેરાયટી છે તેની જાણકારી મળી રહે છે. નાના સમઢીયાળાથી સુમિતાબેન ગજેરા એ જણાવ્યું કે, સંસ્થાના કાર્યકર્તા દ્વારા રેગ્યુલર મુલાકાત થકી ખાડના ખાતર કરવામાં આવે છે. સુક્ષ્મ પિયત અને ખેતી માર્ગદર્શન નેટાફીમમાંથી પધારેલ રાદડીયાભાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. જાફરાબાદ એગ્રીકલ્ચર કંપનીના ડાયરેકટર શ્રી છગનભાઈ તથા દયાબેન કાનાણી હાજર રહી પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

લર્નીગ ગૃપના તમામ આગેવાનોન પ્રશસ્તી પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

કોટન કનેકટમાંથી પધારેલ સમીર પંડીત દ્વારા કાર્યક્રમ, માપદંડો અને ભાવીપથ ખેતી સાથે પરીવર્તન પર વાત કરવામાં આવી હતી.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ડાયરેકટર ધીરૂભાઈ વાગડીયાએ કાર્યશાળાનું સમાપન વકતવ્ય આપ્યુ હતુ. ભાવિકાબેન સોલંકી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને ખેડુતોનો આભાર માની અને ભોજન સાથે લઈને કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.



**બીજાને સુખી કરવાની ભાવના રાખનારો કોઈ દીવસ દુઃખી થતો નથી.**

## વાનસ્પતિક દવાઓ દ્વારા જીવાત નિયંત્રણ

ખેતિ પાકોમાં જીવાત નિયંત્રણ માટે મોટેભાગે ખેડૂતો માત્ર જંતુનાશક દવાઓ ઉપર જ આધાર રાખતા હોય છે. આડેધડ અને બીન જરૂરી દવાઓના છંટકાવને લીધે પર્યાવરણ પર તેની માઠી અસર પડે છે. જયારે જીવાત ઓછા પ્રમાણમાં અને ક્ષમ્યમાત્રા કરતા ઓછી હોય તો જંતુનાશક દવાઓનો ઉપયોગ ન કરતાં તેની જગ્યાએ વનસ્પતિજન્ય દવાઓનો ઉપયોગ કરવાથી દવાઓની આડ અસરમાંથી આપણે બચી શકિએ છીએ. કેટલીક જીવાતો તેની ખાસ પ્રકારની વર્તણુંક અને ખાસિયત ને કારણે ઘણીવાર ભારે રાસાયણિક દવાઓથી પણ કાબુમાં આવી શકતી નથી. તેવા સંજોગોમાં હાથ બનાવટની કેટલીક વિષ પ્રલોભિકા ઘણી કારગત નીવડે છે. અહીયા કેટલીક જાતે જ બનાવી શકાય તેવી દવાઓની બનાવટની વિગતે માહિતી આપવામાં આવેલ છે.

**લીંબોળીના મીંજનો ૫ % નો અર્ક/ કસ :**

**બનાવવાની રીત :**

ઉનાળામાં લીમડાના ઝાડ પરથી ખરી પડેલી લીંબોળી ભેગી કરી, એક મોટા ડ્રમમાં, પાણીમાં ૨ થી ૩ દિવસ પલાળી રાખો. ત્યારબાદ ખુલ્લી જગ્યામાં આ લીંબોળીઓ પાથરી અને તેને કાથીના ડૂચાની મદદથી ઘસી તેના ઉપરના છોડા દૂર કરો. ત્યારબાદ લીંબોળીના બી ભેગા કરી લો અને છાંયડામાં ત્રણ ચાર દિવસ સુકવો. બીજને કંતાનના કોથળામાં સંગ્રહી રાખો.

જરૂરીયાત મુજબ લીંબોળીના બીને ખાંડણીયા અને સૂપડાંની મદદથી ભૂખરા રંગના બીમાંથી મીંજને અલગ પાડો.

૧૦૦ લીટરનું પ્રવાહી મિશ્રણ બનાવવું હોય તો આવા ૫ કિલો મીંજની જરૂર પડે. મીંજનો બારીક ભુંકો બનાવો. મીંજના ભુકાના એક એક કિલોના પાંચ ભાગ પાડી દરેક ભાગને મલમલના કાપડની પોટલીમાં બાંધી ૨ થી ૩ કલાક સુધી ૫ લીટર પાણી ભરેલી ડોલમાં પલાળી રાખો.

આ પોટલીને ઓછામાં ઓછી છ વાર હાથથી મશળવાથી મીંજનો કસ પાણીમાં આવી જશે અને દ્રાવણ દુધિયા રંગનું બનશે.

આ દ્રાવણમાં બીજું વધારાનું પાણી ઉમેરી કુલ ૨૦ લીટરનો જથ્થો બનાવો. ત્યારબાદ આ દ્રાવણમાં ૨૦ ગ્રામ સાબુની ભુકી કે કોઈ પણ કપડા ધોવાનો ડીઝરજન્ટ પાવડર ઉમેરો. આ રીતે ૫ કિલો મીંજમાંથી ૧૦૦ લીટર પ્રવાહીનો કસ તૈયાર થશે જે પાક ઉપર છાંટી શકાય.

**સાવચેતી :**

દ્રાવણ તૈયાર કરતી વખતે અને કર્યા બાદ કદી પણ ઉકાળવું નહી. હંમેશા તાજા દ્રાવણનો

*માણસ તો simple જ છે, બસ માણસાઈ complicated છે.*

આગ્રહ રાખવો. સામાન્ય રીતે એક હેકટરના વિસ્તારના છંટકાવ માટે ૩૦૦ – ૪૦૦ લિટર પાણીની જરૂર પડતી હોય છે.

**કઈ જીવાત સામે ઉપયોગ કરી શકાય :**

બધા જ પ્રકારની પાન ખાનાર ઈયળો અને ચૂસિયા પ્રકારની જીવાતો જેવી કે મોલો મશી, તડતડીયાં, સફેદ માખી, થ્રીપ્સ, પાન કથીરી વિગેરે માટે આ પ્રવાહી મિશ્રણનો છંટકાવ કરી શકાય

**તમાકુનો ઉકાળો :**

તમાકુમાંથી વનસ્પતિજન્ય દવા બે રીતે બનાવી શકાય છે.

તમાકુનો ઉકાળો – ગરમ પાણીની પધ્ધતિથી :

દસ (૧૦) લિટર પાણી લઈ તેમાં એક કિ.ગ્રામ તમાકુનો ભુકો ઉમેરી આખી રાત પલાળી રાખો. સવારે આ મિશ્રણને ૬૦ થી ૭૦૦ સે.ગ્રે. તાપમાને એક કલાક સુધી ગરમ કરતા રહો. ગરમ કરતી વખતે બીજું વધારાનું પાણી ઉમેરતા રહો અને ૧૦ લિટરનો જથ્થો જાળવી રાખો. દ્રાવણ ઘેરા કોફી રંગનું થશે.

દ્રાવણને બારીક મલમલના કપડાથી ગાળી લઈ તેમાં ૨૦૦ ગ્રામ સાબુની ભુકી અથવા કપડા ધોવાનો કોઈપણ ડિટરજન્ટ પાવડર ઉમેરો અને આ પ્રકારે તૈયાર થયેલ દ્રાવણમાં બીજું વધારાનું ૪ – ૫ ગણું પાણી ઉમેરતા દ્રાવણ છંટકાવ માટે તૈયાર થશે.

**તમાકુનો ઉકાળો–ઠંડા પાણીની પધ્ધતિથી :**

આ પધ્ધતિમાં ઉપર પ્રમાણે જ દ્રાવણ બનાવવામાં આવે છે. પરંતુ કોઈપણ તબક્કે ગરમ કરવાનું હોતું નથી.

**સાવચેતી :**

જો છંટકાવ તરત જ કરવાનો ન હોય તો દ્રાવણ (સ્ટોક સોલ્યુશન) માં બીજું વધારાનું પાણી કે સાબુની ભુકી ઉમેર્યા સિવાય હવા ચુસ્ત વાસણ કે પીપમાં ભરી રાખવું. આ દ્રાવણનો છંટકાવ સવારે અથવા સાંજના સમયે આખું શરીર ઢંકાય જાય તેવા કપડા પહેરીને કરવો અને વધારામાં મોં ઉપર ભીનું કપડું બાંધી રાખવું. તમાકુનો નશો ચડતો હોય તેવી વ્યકિતએ છંટકાવ કાર્ય કરવું નહી. ઘેનની અસર જણાતા દવા છાંટવાનું તરત જ બંધ કરી દેવું.

**કઈ જીવાત સામે ઉપયોગ કરી શકાય :**

તમાકુનો ઉકાળો પોચા શરીરવાળી જીવાતો જેવી કે મોલો મશી, સફેદમાખી, તડતડીયા, થ્રીપ્સ, પાનકથીરી, મીલીબગ જેવી ચૂસીયા પ્રકારની અને શરૂઆતની અવસ્થાની પાન ખાનારી ઈયળો જેવીકે તમાકુના પાન ખાનાર, લીલીઈયળ, પાન વાળનાર ઈયળ, કાતરા વગેરેના નિયંત્રણ માટે વાપરી શકાય છે.

**સંકલન : નરેન્દ્ર પોંકિયા**

***જીંદગીમાં એકબીજાને સમજવાનો પ્રયત્ન કરજો પરખવાનો નહિ.***

## Happy Birthday

Ankit Kathiriya 11.02.2000

Nikita Trivedi 19.02.1994

## In this month

10 Workshop For Farmer Producer Organisation.

10 Buyer-Seller Meet for Farmer Producer Organisation.

11 LG leader workshop at Timbi.

11 Staff meeting

21 Khambha, Dhokadva and Timbi field visit.

23 Consultative Workshop to explore possibilities of project development on Demand side management of water resources.

જૂના ફર્નીચરને ચકચકિત કરવા લીંબુના રસમાં અથવા વ્હાઈટ વિનેગરમાં વેજીટેબલ ઓઈલ ભેળવી પોલિશની માફત ફર્નીચર પર લગાડવાથી સ્વસ્થ કપડાંથી હળવે હળવે રગડવું.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

કંઈ દેવા માટે મન હોવું જોઈએ, હેસિયત નહીં.